
# નવી દુનિયામાં પ્રવેશ



સૂરજદાદા રોજ આકાશમાં ઊગે અને ફૂલ કૂંડામાં – એક જાદુ આકાશમાં અને એક અહીં ધરતી પર. તમને ખબર છે? મારી મમ્મી કહેતી હતી, "જેમ પૃથ્વી પર હું, એ અને ઘરનાં બીજાં બધાંય રહે છે એમ આકાશમાં સૂરજદાદા અને ચાંદામામા એકલા નથી રહેતા. એમની જોડે તારા, ગ્રહો, નક્ષત્રો રહે છે. આપણા જેવી એક બીજી દુનિયા અંતરીક્ષમાં પણ છે." સાચું કહું? થોડું સમજાય અને ઘણુંબધું મને સમજાય નહિ. હું તો બસ સાંભળું. જોકે મને તો વાતો કરવી વધારે ગમે!





તમારી સાથે વાતો કરવામાં મારું નામ કહેવાનું તો હું ભૂલી જ ગઈ! મારું નામ શનાયા. બાકીની વાતો પછી, કારણ કે આજે મારે પહેલી વાર સ્કૂલે જવાનું છે. બધું નવું મળવાનું હોય એટલે કેવો આનંદ આવે! મારી સ્કૂલ-બૅગ, વૉટર-બોટલ, લંચ-બૉક્સ, સૉક્સ-શૂઝ બધું જ નવું! પછી રડવાનું હોય? મમ્મીએ પણ કહેલું, "સવારે રડીએ, તો આખો દિવસ રડવું પડે." એટલે હું તો બસમાં હસતાં-હસતાં ચઢી ગઈ.




બસ તો ચાલી સરરર... થોડી વાર તો હું જોતી રહી. આ બસ ચાલે છે કે બારીની બહાર દેખાતાં રસ્તા, મકાનો, ઘર ને દુકાનો! રસ્તાની કિનારી



પર જોયું તો મારા બગીચામાં ખીલતાં કેના અને બોગનવેલ! મને થયું કે એમને પણ સાથે લઈ લઉં? પણ એ તો પાછળ રહી ગયાં. મારી નજર આકાશ તરફ ગઈ. વાદળાં ઝડપથી દોડતાં હતાં. એ મારી જોડે પહોંચી શકે. આ સામ્મે મારી સ્કૂલ દેખાઈ. વાદળાં તો હજુ ચાલતાં હતાં પણ મારે તો ઊતરી જવું પડે ને!






અરે વાહ! સ્કૂલમાં તો જ્યાં જુઓ ત્યાં ફુગ્ગા જ ફુગ્ગા. ક્લાસમાંય રંગબેરંગી ટેબલ, જાતજાતનાં રમકડાં અને ગમતાં કાર્ટૂનનાં ચિત્રો! ટીચર વહાલથી સૌને જગ્યા પર બેસાડી રહ્યાં હતાં. મારી જોડે બીજાં બે જણ બેઠાં. અરે! એ બંને તો મારી જોડે બસમાં પણ હતાં. મેં તો રાહ જોયા વગર બંનેનાં નામ પૂછી લીધાં! એક આરવ હતો ને બીજી હતી યેશા! પછી તો આખો દિવસ ગમ્મત પડી! ખૂબ મજા કરી. હવે યેશા અને આરવ મારા ફ્રેન્ડ્સ કહેવાય ને? અમે નક્કી કરી લીધું, દરરોજ સ્કૂલે આવવાનું. ■



# વિન્ડો-સીટ




સ્કૂલ છૂટી. ટીચરે બસમાં ચઢવા માટે અમને લાઇનસર ઊભાં રાખ્યાં. બસમાં ચઢ્યાં ત્યારે એક જ વિન્ડો-સીટ બાકી હતી. અમે ત્રણેય એકબીજા સામે જોવા લાગ્યાં. અમે ત્રણ અને વિન્ડો-સીટ એક! હવે? મારે તો વિન્ડો-સીટ જ જોઈતી હતી. મને મળશે કે નહિ? એટલામાં એક જોરદાર ધક્કો વાગ્યો. હું પડી. મને તો નવાઈ લાગી! બસમાં હાથીભાઈ આવ્યા કે શું? મેં પાછળ જોયું ત્યારે થયું હાશ! ખાલી ધક્કો જ વાગ્યો. હાથી જેવા જાડા-પાડા એ ભૈયા આખેઆખા મારા પર પડ્યા હોત તો!



આરવ અને યેશાએ મને ઊભી કરી. મને એમ કે હાથીભૈયા મને સૉરી કહેશે. પણ બોલો, એવું કંઈ કહ્યું નહિ. એ તો જોરજોરથી હસતા હતા. અચાનક એમણે હસવું બંધ કરી દીધું. પછી મોટા અવાજે બોલ્યા, "આ આખી સીટ મારી એટલે કે ફેનિલની છે. અહીં કોઈએ બેસવાનું નહિ. સમજ્યાં?"



પાછળથી રીમીદીદી તરત બોલ્યાં, "એ ફેનિલ, નાનાં છોકરાંઓ પર શું દાદાગીરી કરે છે? કોઈ એકને તો બાજુમાં બેસવા દે."

"એય રીમલી, ચશ્મીશ ચચ્ચું બિલાડીનું બચ્ચું. તું તો રહેવા જ દે."


“હા, હા હાથીડા. રહેવા જ દઈશ ને! તારા જેવા બુલી સાથે કોણ વાત કરે!” એવું કહી રીમીદીદી ચૂપ થઈ ગયાં.




બસ ચાલુ થઈ. હું કન્ડક્ટરઅંકલ સામે જોતી હતી. એમણે તો ઝટપટ છોકરાંઓને બેસાડી દીધાં. એ પાછા બબડ્યા કે, “આ ફેનિલની દાદાગીરી બહુ વધી ગઈ છે. એનું કંઈ કરવું પડશે.” કોઈએ કંઈ કર્યું તો નહિ. આ દાદાગીરી છે શું? દાદાગીરી જે હોય તે, પણ આવું કોઈ વારંવાર મારી સાથે કરે તો મને ન ગમે. એના કરતાં ઘરે રહેવું સારું નહિ?

હવે વિન્ડો-સીટ નહિ મળે એવી પાક્કી ખાતરી થઈ ગઈ. અમે પાછળની સીટ પર બેસી ગયાં. ત્યાંથી બસની બધી બારીઓ દેખાતી હતી અને બહારનું કંઈ નહિ. બારીની બહાર દેખાતાં રસ્તા, મકાનો, ઘર અને દુકાનો છૂટતાં લાગ્યાં. કેના અને બોગનવેલ તો જડી જ નહિ. ફેનિલભૈયા જીભડો કાઢીને વિચિત્ર રીતે હસતા હતા. એ જ સમયે ચમકારો થયો! કોઈ આપણો ફોટો પાડે ને એવો જ ચમકારો. ■





# ફેનિલભૈયાનો ડર




મમ્મીએ આજે બે-ત્રણવાર જગાડી. મેં તો આંખો ખોલી જ નહિ. મારે સ્કૂલે જવું નહોતું. પેલા ફેનિલભૈયા પાછા હેરાન કરવાના હોય તો કોને સ્કૂલે જવું ગમે? આવું બધું મમ્મીને ક્યાંથી ખબર હોય? સ્કૂલ માટે મોડું થતું હતું ને એટલે મમ્મીએ મને પટાવીને તૈયાર તો કરી દીધી. નાસ્તાનો સમય બચ્યો જ નહિ. છેવટે હું અને નાસ્તાનો ડબ્બો બસમાં બેસી ગયાં.



ટ...ડા...! વિન્ડો-સીટ હતી અને ફેનિલભૈયા નહોતા. હું મજાથી નાસ્તો કરવા લાગી. એટલામાં બીજા સ્ટૉપ પરથી ફેનિલભૈયા ચઢ્યા. મેં ડરીને આંખો બંધ કરી દીધી ત્યાં જોરથી ધબાકો થયો. હું ચમકી. એ મારી બાજુમાં આવીને બેઠા હતા. હું કંઈ કરું, કહું, એ પહેલાં તો એમણે મારો નાસ્તાનો ડબ્બો મારા હાથમાંથી ઝૂંટવી લીધો. બધો નાસ્તો ગપાગપ ખાઈ ગયા! સવાર ન ગમે એવું આજે પહેલી વાર થયું. હું રડું-રડું થઈ ગઈ. ક્લાસમાં તો ગઈ પણ રોજ જેવી મજા ના આવી. મને કંઈ ગમતું નહોતું. જોરથી ભૂખ લાગી હતી. મેં પેટ પર હાથ ફેરવીને જોયો, કારણ કે મમ્મી કોઈક વાર બોલતી હોય છે ખાલી પેટમાં ઉંદરડા દોડે. હાશ! મારા પેટમાં એવું કંઈ નહોતું થતું. હા, પણ એવું હોત ને તો બધાં ઉંદરમામાને ફેનિલભૈયા પર છોડી આવત. આજે તો યેશા અને આરવ બોલાવે





તોય ગમ્યું નહિ! એવું લાગતું હતું કે કોઈ નજીક આવે તો હું ધક્કો મારીને પાડી દઉં.

એટલામાં ટીચર આવ્યાં. એમણે કહ્યું, "બાળકો, આજે હું તમને સરસ મજાની વાત કરવાની છું. ધ્યાનથી સાંભળજો! કોઈવાર તમને ન ગમે એવું વર્તન તમારી સાથે કોઈએ કર્યું છે?"


"હા... આ... આ... આ... આ ટીચર."

"અચ્છા મને કહો, કોઈ તમારી ગમતી વસ્તુ લઈ લે તો તમે શું કરો?"


અરે! મને તો નવાઈ લાગી કે ફેનિલભૈયાવાળી વાત ટીચરને તો ખબર નથી પડી ગઈ ને!



"મે'મ આ ધિયાને કાલે મારા કલર લઈ લીધેલા." સારા બોલી.



આ સારાને કલર લઈ લીધા એની ફરિયાદ છે, પણ મને તો બધા જ રંગોમાં મારો નાસ્તો દેખાતો હતો. ક્લાસના ચાર્ટ પર દોરેલા લાલ રંગના સફરજનનું મોટું ઝાડ દેખાયું. ચારેબાજુ સફરજન જ સફરજન. નીચે બેંચ પર નજર કરી તો કથ્થઈ કલરની કેડબરી દેખાઈ ને ચૉકમાં મિન્ટની ગોળી. એનાં કલર તો એને પાછા મળી શકે, પણ મારો નાસ્તો તો ચવાઈને ફેનિલભૈયાના પેટમાં આંટા મારતો હશે. એ ક્યાંથી પાછો લાવું?



"શનાયા." મારા નામની એક બૂમ પડી અને મારા કાન મેં ટીચર તરફ કરી દીધા. ■